**This is only a summary — not a verbatim translation of Mawlana Shah Rahim Hazar Imam's Farman.**

Houston – 7th November, Afternoon

I pray for your spiritual light (roshni), for your material upliftment, and for balance in your lives.

I have accepted the Bay'ah. The Bay'ah reaffirms the permanent spiritual bond between the Imam of the Time and the Jamat. This bond between the Imam of the Time and his spiritual children is built on freedom and love.

I care for you.

Even though other Jamats may not be physically present here, all my Farmans are also for you.

The Ismaili Centre – A Beacon of Hope. It is a symbol of our Jamat's stability. I want you and your families to make full use of the Ismaili Centre. These places are not only meant to look beautiful — yes, they are beautiful — but they are meant to be used. I want it to become a place of peace, an oaisis of emotion, mind, and spiritual strength, where loneliness disappears.

The Qur'an teaches us that we are interconnected. Allah wishes that our relationships remain strong, but our connection with screens is weakening our human bonds. Social media has been designed to pull people away from one another. Many countries are now recognizing that the human brain, especially that of children and adolescents,is being altered in harmful ways due to the effects of social media, and are introducing laws to restrict its use among children. As a parent, I too limit the screen time of my children. I want them to play outdoors —sometimes getting dirty, sometimes even getting hurt — but to live, experience, and learn.

Smartphones are making us think less rationally. Instead of spending time scrolling, take a little time to read and reflect. Phones bring anxiety and isolation.

Reach out to people —come together after Jamatkhana or in social gatherings.

Speak, smile, laugh — it is good for your health. A smile is a gift from Allah, and I wish for my Jamat's life to be filled with this gift.

Take care of the elderly and the vulnerable. Stop isolation before it begins.

Take care of your body and mind. Preserve your health before illness arrives. A lazy or sedentary lifestyle is not good. Allah has created the body to move. So, move your body.

Do not say, “I will exercise tomorrow, today I am busy,” because tomorrow you will be busy again. Walk as much as you can. Participate in sports — it is fun and strengthens you.Your body is a gift from Allah — respect it and take care of it.

Do not engage in anything that harms your health. Take proper care of your diet, for the food you eat either nourishes you or leads you toward ill health. We are a Jamat that strives to make the world a better place.

If you are to care for the weak, you yourself must not become weak — take care of yourself.

We are a community known for our ethics, honesty, and integrity. Do not ever break that trust. To stray into unethical behaviour, to leave the straight path and walk on a crooked one, is harmful and unacceptable. The values of our faith are universal and humanistic values.

To help those in need, you must first give up greed.

Remember — the soul alone is eternal. Dedicate time to it.

Make remembrance (zikr) a part of your daily life.

Everything you have is by the grace of Allah. Remember Him and express your gratitude.

Remember Allah, remember the Prophet, and remember the Imams — this remembrance will bring you true happiness.

I would love to shake hands and fist-bump every child, but since that is not possible today,

Inshallah, I will return soon and meet all of you.

As Mawla departed, he shook hands with and embraced the children.

**આ માત્ર સારાંશ છે, મૌલાના શાહ રહીમ હઝર ઈમામના ફરમાનનો શબ્દશઃ અનુવાદ નથી......**

હ્યુસ્ટન – ૭ નવેમ્બર, બપોરે

હું તમારાં રૂહાની રોશની, ભૌતિક ઉન્નતિ અને જીવનમાં સંતુલન માટે દુઆ કરું છું.

મેં બૈયત સ્વીકારી છે. બૈયત એ જમાનાના ઈમામ અને જમાત વચ્ચેના કાયમી રૂહાની બંધનને ફરીથી મજબૂત કરે છે. જમાનાના ઈમામ અને રૂહાની બાલકો વચ્ચેનો આ બંધન પ્રેમની સ્વતંત્રતાથી બંધાયેલો છે.

હું તમારો ખ્યાલ રાખું છું.

ભલે અન્ય જમાતો અહીં શારીરિક રીતે હાજર ન હોય, પરંતુ મારા બધા ફરમાનો તમારાં માટે પણ છે.

ઈસ્માઈલી સેન્ટર — આશાનો દીપ છે. તે આપણા જમાતની સ્થિરતાનું પ્રતીક છે. હું ઈચ્છું છું કે તમે અને તમારા પરિવારજનો ઈસ્માઈલી સેન્ટરનો પૂર્ણ લાભ લો. આ જગ્યાઓ માત્ર સુંદર દેખાવા માટે નથી — હા, તે સુંદર છે — પણ તેનો ઉપયોગ કરવા માટે બનાવવામાં આવી છે. હું ઈચ્છું છું કે આ એક એવી જગ્યાએ રૂપાંતરિત થાય — શાંતિ, લાગણી, મન અને રૂહાની શક્તિનો ઓએસિસ,

જ્યાં એકલતા અદૃશ્ય થઈ જાય.

કુરઆન આપણને શીખવે છે કે આપણે એકબીજા સાથે જોડાયેલા છીએ. અલ્લાહે ઈચ્છ્યું છે કે આપણા સંબંધો મજબૂત રહે, પરંતુ સ્ક્રીન (mobile, computer, TV) સાથેના સંબંધો આપણા માનવીય જોડાણોને નબળા કરી રહ્યા છે. સોશિયલ મીડિયા માણસોને એકબીજાથી દૂર લઈ જવા માટે રચાયેલું છે. ઘણા દેશો હવે સ્વીકારી રહ્યા છે કે માનવ મગજ — ખાસ કરીને બાળક અને કિશોરવયના મગજ — સોશિયલ મીડિયાના પ્રભાવથી એવી રીતે બદલાઈ રહ્યા છે જે નુકસાનકારક છે, અને ઘણા દેશો બાળકો માટે તેનો ઉપયોગ બંધ કરવાની કાનૂની પ્રક્રિયામાં છે. હું પણ માતા-પિતા તરીકે મારા બાળકોનો સ્ક્રીન સમય મર્યાદિત કરી રહ્યો છું. હું ઈચ્છું છું કે તેઓ બહાર રમે, ક્યારેક મેલી થાય, ક્યારેક ઈજા થાય — પણ જીવે, અનુભવે, શીખે.

સ્માર્ટફોન આપણું વિચારવાનું શક્તિ ઘટાડે છે. સ્ક્રોલ કરતા કરતા સમય ગુમાવવાને બદલે - થોડો સમય લો, વાંચો, વિચાર કરો. ફોન ચિંતા અને એકલતા લાવે છે. લોકો સાથે જોડાવો - જમાતખાનાં પછી કે સામાજિક પ્રસંગોમાં સાથે આવો. બોલો, સ્મિત આપો, હસો — એ સ્વાસ્થ્ય માટે સારો છે.

સ્મિત અલ્લાહની ભેટ છે, અને હું ઈચ્છું છું કે મારી જમાતનું જીવન આ ભેટથી ભરેલું રહે.

વડીલો અને નબળા લોકોની સંભાળ લો. એકલતા ફેલાય એ પહેલાં જ તેને રોકો.

તમારા શરીર અને મનની કાળજી લો. બીમારી આવતાં પહેલાં આરોગ્યનું જતન કરો.

આલસ ભરેલી જીવનશૈલી સારું નથી. અલ્લાહે શરીર ચાલવા માટે બનાવ્યું છે. ચાલો, હલનચલન કરો. "કાલે કરીશ" એવું ન કહો, કારણ કે કાલે પણ તમે વ્યસ્ત રહેશો. આજે જ શરૂઆત કરો. જેટલું બને તેટલું ચાલો. રમતગમતમાં ભાગ લો — મજા પણ આવશે, તંદુરસ્તી પણ વધશે.

શરીર અલ્લાહની ભેટ છે — તેનો માન કરો અને સંભાળ લો. આરોગ્યને નુકસાન થાય એવું કશું ન કરો. તમારા આહારની યોગ્ય કાળજી લો — કારણ કે ખોરાક તમને પોષણ આપે છે અથવા તમને અસ્વસ્થતાની દિશામાં લઈ જાય છે.

અમે એવી જમાત છીએ જે દુનિયાને સારા માર્ગે લઈ જવા પ્રયત્નશીલ છે.

જો તમને નબળાઓની સંભાળ લેવી હોય, તો તમે પોતે નબળા ન રહો — તમારી સંભાળ લો.

અમે નૈતિકતા, વિશ્વાસ અને ઈમાનદારી માટે જાણીતી જમાત છીએ. તે વિશ્વાસ કદી તોડશો નહીં. અનૈતિક વર્તનમાં ભટકવું - સીધી માર્ગ છોડીને વાંકડી દિશામાં જવું — તે હાનિકારક છે અને સ્વીકાર્ય નથી. આપણા ધર્મના મૂલ્યો વિશ્વવ્યાપી અને માનવતાવાદી મૂલ્યો છે.

જેઓ જરૂરિયાતમંદ છે, તેમને મદદ કરવા માટે — પહેલાં લોભ છોડવો જરૂરી છે. બીજાને મદદ કરો.

યાદ રાખો — રૂહ જ શાશ્વત છે. તે માટે સમય ફાળવો. ઝિક્ર (સ્મરણ) તમારા દૈનિક જીવનનો ભાગ બનાવો.

તમારી પાસે જે પણ છે — તે અલ્લાહની કૃપાથી છે. તેમનો સ્મરણ કરો અને આભાર વ્યક્ત કરો. અલ્લાહને યાદ કરો, પ્રોફેટને યાદ કરો, ઈમામોને યાદ કરો — આ સ્મરણ તમને સાચો આનંદ આપશે.

હું દરેક બાળક સાથે હાથ મિલાવું, ફિસ્ટ બમ્પ કરું એવી મારી ઈચ્છા છે, પરંતુ અહીં બધા સાથે મળવું શક્ય નથી — ઇનશાલ્લાહ, હું ફરી આવું અને દરેકને મળું.

મૌલાએ જતાં જતાં બાળકો સાથે હાથ મિલાવ્યા અને તેમને ભેટી લીધા.